ગુજરાતના વિશિષ્ટ મતદાન મથકો

(માહિતી) ગાંધીનગર,

(૧) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથક : ૩-બાણેજ), ૯૩-ઉના : ગીર અભયારણ્યના ઊંડા જંગલોમાં બાણેજ વિસ્તારમાં એક એકલા વ્યક્તિ- મહંત હરિદાસજી ઉદાસીન રહે છે, જેઓ બાણેજ વિસ્તારમાં આવેલા ભગવાન શિવના મંદિરના પૂજારી છે. આ એકલા મતદાર માટે ૨૦૦૭ થી દરેક ચૂંટણી દરમિયાન એક ખાસ મતદાન મથકની સ્થાપના કરવામાં આવે છે, જે ભારતના ચૂંટણી પંચની ×કોઈ મતદાર બાકી ન રહી જાય× ની ભાવનાને ચરિતાર્થ કરે છે. મંદિરની નજીક આવેલી ફોરેસ્ટ ઓફિસમાં બૂથની સ્થાપના કરવામાં આવે છે. બૂથની સ્થાપના માટે એક સમર્પિત મતદાન ટીમ નિયુક્ત કરવામાં આવે છે અને એકલા મતદારને તેમનો મત આપી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે છે.

(૨) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથક : રાસપ નેસ લીલિયા), ૯૩-ઉના : રાસપ નેસ લીલિયા એ ગીરના જંગલની અંદરનો એક એવો નાનો નેસ છે, જેની નજીકમાં કોઈ અન્ય માનવ વસવાટ નથી. આ નેસમાં ૨૦૦૭ થી ૨૩ પુરૂષો અને ૧૯ મહિલા મતદારો મળી માત્ર ૪૨ મતદારો માટે એક ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવ્યું છે.

(૩) જિલ્લોઃ ગીર સોમનાથ, (મતદાન મથક : ૯૨, ૯૩, ૯૪ માધુપુર – જાંબુર), ૯૧-તલાળા : ૧૪મી અને ૧૭મી સદી દરમિયાન ભારતમાં ગુલામ તરીકે આવેલા પૂર્વ આફ્રિકન લોકોના વંશજ સિદ્દીઓ અહીં રહે છે. તેમના મતદાન માટે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

(૪) જિલ્લોઃ અમરેલી, (મતદાન મથક : શિયાળબેટ ટાપુ (૫ બુથ)), ૯૮-રાજુલા : શિયાળબેટએ અરબી સમુદ્રમાં આવેલો નાનો ટાપુ છે, જે અમરેલી જીલ્લાના કિનારે પૂર્વ બાજુએ આવેલો છે. શિયાળબેટ ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭૫.૩૨ હેક્ટર છે, જેમાં ૮૩૨ જેટલા મકાનો છે. મોટાભાગના રહેવાસીઓ માછીમાર સમુદાયના છે. શિયાળબેટ ગામ રાજુલા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. બોટ દ્વારા દરિયાઈ માર્ગ સિવાય આ ટાપુને મુખ્ય ભૂમિ સાથે કોઈ જોડાણ નથી. આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, સુરક્ષા કર્મચારી, મતદાન સ્ટાફ, બૂથ લેવલ ઓફિસર વગેરે સહિત લગભગ ૫૦ કાર્યકારીઓની બનેલી પોલિંગ ટીમ ટાપુ પર બોટ દ્વારા પ્રવાસ કરે છે અને શિયાળબેટ ટાપુમાં ૪,૭૫૭ મતદારો માટે દરેક ચૂંટણી દરમિયાન મતદાન મથકો ઉભા કરે છે. પંચની માર્ગદર્શિકાને અનુસરીને ૦૫ મતદાન મથકોની સ્થાપના કરવામાં આવી છે. તમામ વૈધાનિક પ્રક્રિયાઓને અનુસરીને એક સરળ ચૂંટણી 'કોઈ મતદાર બાકી રહે નહી' તેની ખાતરી કરવા માટે હાથ ધરવામાં આવે છે.

(૫) જિલ્લોઃ ભરૂચ, (મતદાન મથક : આલીયાબેટ), ૧૫૧-વાગરા : આલિયાબેટ એ ભાડભુત બેરેજનું એક અલગ સ્થળ છે, જે વહીવટી રીતે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા (૧૫૧-વાગરા વિધાનસભા મતવિસ્તાર) હેઠળ આવે છે. જેમાં ૧૧૬ પુરૂષ અને ૧૦૧ સ્ત્રી મળી કુલ ૨૧૭ મતદારો છે. આલિયાબેટ અગાઉ ૧૫૧-વાગરા વિધાનસભા મતવિસ્તારમાં ૬૮-કલાદ્રા-૦૨નો ભાગ હતો. પરંતુ તે અન્ય વસાહતોથી ઘણું દૂર હતું અને તેથી મતદારોને બસ દ્વારા નજીકના મતદાન મથકો પર લાવવામાં આવ્યા હતા. મતદારોને મતદાન મથક સુધી પહોંચવા માટે અંદાજે ૮૨ કિલોમીટરનો પ્રવાસ કરવો પડ્યો હતો. જો કે, આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ માટે જિલ્લા વહીવટી તંત્રએ પહેલ કરી છે અને આલિયાબેટ ખાતે શિપિંગ કન્ટેનરની વ્યવસ્થા કરી છે. આ કન્ટેનરમાં તમામ છસ્ત્રની સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. જેનાં પરીણામે મતદારો લાંબા અંતરની મુસાફરી કરવાને બદલે પોતપોતાની જગ્યાએ મતદાન કરી શકશે. ગુજરાત કેવી રીતે સુલભ ચૂંટણીના સૂત્રને સુનિશ્ચિત કરી રહ્યું છે તેનું આ ઉદાહરણ છે.

(૬) જિલ્લોઃ મહીસાગર, (મતદાન મથક : રાઠડા બેટ), ૧૨૩-સંતરામપુર : રાઠડા બેટ એ મહિસાગર નદીમાં મહીસાગર જિલ્લાના કડાણા ડેમના જળાશય વિસ્તારમાં આવેલો એક અનોખો બેટ છે. આ બેટ પર ૩૭૬ પુરૂષ અને ૩૩૬ સ્ત્રી મળી લગભગ ૭૧૨ મતદારો છે, જેઓ મુખ્યભૂમિથી દૂર તેમના મૂળ બેટ પર રહેવાનું પસંદ કરે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ બેટ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવ્યું છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે. પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, પોલિંગ સ્ટાફ બોટ દ્વારા મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે. મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવે છે. આ બેટ શેંડો એરિયામાં પણ આવે છે અને તેથી કનેક્ટિવિટી માટે પોલિંગ સ્ટાફને અલગ વાયરલેસ સેટ પણ આપવામાં આવે છે. બેટ પરની શાળાનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. મતદાન માટે રિટર્નિંગ ઓફિસર દ્વારા તમામ છસ્ત્રની ખાતરી કરવામાં આવે છે. વધુમાં, આ સ્થાનને આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ માટે મોડેલ મતદાન મથક તરીકે પસંદ કરવામાં આવ્યું છે. સર્વસમાવેશક ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના પ્રયાસનું આ ઉત્તમ ઉદાહરણ છે.

(૭) જિલ્લોઃ નર્મદા, (મતદાન મથક : ૪/૩૧૮ - ચોપડી -૨), ૧૪૯-ડેડિયાપાડા : નર્મદા જિલ્લો ગાઢ જંગલો અને આદિવાસી વસતી ધરાવતો પર્વતીય જિલ્લો છે. જેમાં અંતરીયાળ વિસ્તારમાં લોકો છુટાછવાયા પરા વિસ્તારમાં રહેતા હોય છે. રીંગપાદરફળિયા નામનું એક પરૂ હાલના મતદાન મથક ચોપડી (પી.એસ નં. ૦૩) થી તેના મુશ્કેલ ભૂપ્રદેશ અને મુખ્ય ગામથી ખૂબજ અંતરીયાળ હોવાથી મતદારોની સુવિધા માટે અલગ કરીને એક નવું મતદાન મથક ચોપડી-૦૨ (પી.એસ નં. ૦૪) બનાવવામાં આવ્યું છે, જે ગામની નજીક હોવાથી મતદારોને લાંબી મુસાફરી ન કરવી પડે. આ નવા મતદાન મથકમાં માત્ર ૧૨૧ મતદારો (૬૮ પુરૂષો અને ૬૩ મહિલા) છે. મતદાન મથક મુશ્કેલ પહાડી પ્રદેશો અને જંગલ પ્રદેશોથી ઘેરાયેલું છે. તાલુકા મથકથી આ મતદાન મથકનું અંતર ૩૭ કિલોમીટર છે. સુલભ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોનું આ ઉદાહરણ છે.

(૮) જિલ્લોઃ પોરબંદર, (મતદાન મથક : ૬૪– સતવિરડા નેસ, ૬૫ – ભુખાબારા નેસ, ૬૬ – ખારાવિરા નેસ), ૮૪- કુતિયાણા : પોરબંદર જિલ્લો બરડા પર્વતમાળા અને ગાઢ જંગલ વિસ્તાર ધરાવતો જિલ્લો છે. જેમાં ત્રણ મતદાન મથકો બરડા પર્વતમાળાના પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા છે, જે ૮૪-કુતિયાણા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. એટલે કે ૬૪-સતવિરડાનેસ (૮૭૬ મતદારો), ૬૫-ભુખાબારાનેસ (૫૭૭ મતદારો) અને ૬૬-ખારાવીરાનેસ (૭૪૦ મતદારો); આ મતદાન મથકો પ્રતિબંધિત જંગલ વિસ્તારમાં આવેલા હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છસ્ત્ર અને કોમ્યુનિકેશન માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવે છે. આ ત્રણ મતદાન મથકો માટે સમર્પિત સેક્ટર રૂટ બનાવવામાં આવ્યા છે. ત્રણેય મતદાન મથકો શેંડો વિસ્તાર હેઠળ આવે છે અને સંદેશાવ્યવહારનું એકમાત્ર માધ્યમ વાયરલેસ સેટ છે.

(૯) જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથકઃ ૭૨ – અજાડ ટાપુ), ૮૧-ખંભાળીયા : ૭૨ – અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧ – ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુના દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર આવેલું છે. મતદાનના દિવસ પહેલા જ ટેન્ટ ગોઠવી દેવામાં આવ્યા છે.

(૧૦) જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથક : ૩૦૭ – કિલેશ્વર નેસ), ૮૧-ખંભાળીયા : ૩૦૭–કિલેશ્વરનેસ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧–ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે નેસ વિસ્તારમાં બરડા માઉન્ટેનના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલું છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનો એકમાત્ર રસ્તો વાયરલેસ સેટ છે.

(૧૧) જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા, (મતદાન મથક : ૧૫ થી ૧૯ - બેટ દ્વારકા – ૧થીપ), ૮૨-દ્વારકા ૧૫ થી ૧૯ – બેટ ૧, ૨, ૩, ૪ અને ૫ મતદાન મથકો દેવભૂમિ દ્વારકાના ૮૨–દ્વારકા મતવિસ્તારમાં આવેલા છે. આ કચ્છના અખાતના મુખ પર એક વસવાટવાળો ટાપુ છે, જે ઓખાના દરિયાકિનારે ૦૩ કિ.મી. દૂર આવેલો છે. તેમાં ૦૫ (પાંચ) મતદાન મથકો સાથે ૫,૬૦૫ મતદારો છે. મતદાન મથકો સુધી જવાનો એકમાત્ર રસ્તો બોટ છે.

(૧૨) જિલ્લોઃ જુનાગઢ, (મતદાન મથક : ૨૯૫ – કનકાઈ), ૮૭-વિસાવદર : ઊંડા જંગલ વિસ્તારમાં અને 'નેસ' વિસ્તારમાં સ્થિત છે. સંદેશાવ્યવહારનો એકમાત્ર રસ્તો વાયરલેસ સેટ છે.

હાઈકોર્ટના આદેશથી ભાજપના સાંસદને છોડવો પડશે સરકારી બંગલો

(એજન્સી) નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી સરકારી નિવાસ છોડવા માટે રાજી થઈ ગયા છે. તેમણે કોર્ટને કહ્યું છે કે તે ૫ નવેમ્બર એટલે કે શનિવારે સરકારી આવાસ સોંપી દેશે. ત્યાર કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું કે સુબ્રમણ્યમ સ્વામીના ખાનગી નિવાસસ્થાને સુરક્ષા સંબંધિત તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. એડિશનલ સોલિસિટર જનરલે એમ પણ કહ્યું છે કે સુરક્ષા એજન્સીઓ પણ વ્યવસ્થાથી સંતુષ્ટ છે.

સુબ્રમણ્યમ સ્વામીએ યોગ્ય સુરક્ષા પૂરી પાડવામાં કેન્દ્ર સરકારની નિષ્ફળતા પર દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. સ્વામીએ કહ્યું હતું કે અગાઉના આશ્વાસન છતાં, કેન્દ્રએ તેમના નિવાસસ્થાન પર કોઈ સુરક્ષા પ્રદાન કરી નથી જેમાં તેઓ સરકારી બંગલો છોડ્યા પછી રહેશે. સ્વામીને ઢ શ્રેણીની સુરક્ષા પ્રાપ્ત છે. તેમણે સુરક્ષાના જોખમને ટાંકીને સરકારી બંગલાની પુનઃ ફાળવણી માટે કોર્ટમાં અરજી કરી હતી.

તમને જણાવી દઈએ કે રાજ્યસભાના સભ્ય તરીકે સ્વામીનો કાર્યકાળ એપ્રિલમાં પૂરો થયો હતો. સ્વામીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ જયંત મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે જ્યારે કોર્ટની સિંગલ બેન્ચે પૂર્વ સાંસદને બંગલો ખાલી કરવા માટે છ અઠવાડિયાનો સમય આપ્યો હતો ત્યારે કેન્દ્રએ ખાતરી આપી હતી કે તેમના ઘરે સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. તેમના વકીલે સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા હતા. આ પહેલા તેમનો સત્તાવાર બંગલો ખાલી કરવાની છેલ્લી તારીખ ૨૬ ઓક્ટોબર હતી.

પરીક્ષામાં ખરાબ ગ્રેડ આપતા બે વિદ્યાર્થીઓએ શિક્ષકની કરી ક્રૂર હત્યા

(એજન્સી) નવી દિલ્હી,

આપડે અવારનવાર ક્રાઈમની ઘટનાઓ સમાચારમાં અને સોશિયલ મીડિયાના માધ્યમથી સાંભળતા હોઈએ છીએ. લોકો ઘણા નાના નાના કારણોસર પણ હત્યા કરી નાખે છે. કોઈ સપનામાં પણ ન વિચારી શકે કે કોઈ આવા કારણોસર પણ હત્વીયાને અંજામ આપી શકે છે. આવી જ એક હત્યાની ઘટના હાલમાં સામે આવી છે. નબળા ગ્રેડ મૂલ્યાંકન પછી બે વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકની હત્યા કરી હતી. વિદ્યાર્થીઓએ બદલો લીધો, કથિત રીતે તેને બેઝબોલ બેટથી મારી નાખ્યો. ઘટના બાદ વિલાર્ડ મિલર અને જેરેમી ગુડેલની ધરપકડ કરવામાં આવી હતી. અને તેઓ બંને પર ૬૬ વર્ષીય શિક્ષક નોહેમા ગ્રેબરની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હાલ આ કેસની વધુ તપાસ ચાલી રહી છે.

આ કેસ સાંભળીને સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે અને આવા વધતા જતા ક્રાઈમને જોઈને લોકોમાં ડર છે. તપાસમાં સામે આવ્યું છે કે મિલરે ગયા વર્ષે ૨ નવેમ્બરે તેના નબળા ગ્રેડને કારણે તેની હત્યા કરી હતી. તેને પાર્કમાં બેઝબોલ બેટ વડે માર મારવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે હુમલાખોરો મિલર અને ગુડેલે ક્રૂર હત્યાના એક દિવસ પછી તેમના સોશિયલ મીડિયા પર હુમલા વિશે કથિત રીતે વાત કરી હતી. ગ્રેબરનો મૃતદેહ પાર્કમાં છુપાયેલો હતો. પરંતુ બાદમાં પોલિસને તેની ડેડ બોડી મળી આવી હતી.

દમણ જિ.પં.ના પ્રમુખ નવિનભાઈ પટેલના નેતૃત્વમાં

જિ.પં. સભ્યોએ જમ્પોર સુધી ઈ-બસમાં કરેલી મુસાફરી

(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) દમણ,

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે તાજેતરમાં યોજાયેલ રોજગાર મેળાના સમારંભમાં સ્માર્ટ સીટી સેલવાસ દ્વારા શરૂ કરાયેલ ઈ બસની સુવિધાનો લાભ લઈ મુસાફરોને પણ સ્વચ્છતાની બાબતમાં જાગૃત કરવા આપેલી સલાહના પગલે આજે દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી નવિનભાઈ પટેલના નેતૃત્વમાં જિલ્લા પંચાયતના સભ્યોએ જમ્પોર સુધી એ.સી. ઈ-બસની સફરનો લ્હાવો લીધો હતો.

દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી નવિનભાઈ પટેલ ઉપરાંત જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી વર્ષિકાબેન પટેલ, શ્રીમતી સુનિતાબેન હળપતિ, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ ધોડી, શ્રી સદાનંદભાઈ મીટના અને શ્રી યોગેશભાઈ પટેલ ઈ-બસની સફરમાં જોડાયા હતા. તમામ સભ્યો ઈ-બસની આરામદાયક બેઠક વ્યવસ્થા, ઘોંઘાટ વગરનું પરિવહન, એ.સી.ની યોગ્ય વ્યવસ્થા તથા શિષ્તબદ્ધ સંચાલનથી ખુબ જ પ્રભાવિત થયા હતા અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દૂરંદેશી તથા પ્રદેશ માટે પ્રદૂષણ મુક્ત લક્ઝુરિયસ બસ સેવા શરૂ કરવા બદલ દિલથી તેમનો આભાર પણ પ્રગટ કર્યો હતો.

અમેરિકામાં લોકશાહી અને રાજકીય હિંસા માટે બાઇડને ટ્રમ્પને ઠેરવ્યા જવાબદાર

(એજન્સી) વોશિંગ્ટન,

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન પોતાના દેશમાં લોકશાહી અને રાજકીય હિંસા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે અમેરિકન લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે. સાથે જ તેમણે આના જવાબદાર પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ગણાવ્યા છે. કહ્યું કે આપણે બધાએ તેની સામે એક અવાજે ઊભા થવું પડશે.

વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધતા રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું કે અમેરિકન લોકશાહી પર હુમલા થઈ રહ્યા છે કારણ કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ૨૦૨૦માં ચૂંટણી હારી ગયા હતા, તેઓ આ વાત સ્વીકારવા તૈયાર નથી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિએ ૨૦૨૦ની ચૂંટણીના પરિણામો સ્વીકારવાનો ઈંકાર કરી દીધો છે.

સ્મશાનમાં કપલે કર્યા લગ્ન

કાળો ડ્રેસ પહેરીને દુલ્હન મૃતકો વાળી કારમાં આવી પહોંચી

(એજન્સી) નવી દિલ્હી,

લગ્ન જીવનભરમાં એક જ વખત થાય છે, તેથી દરેકના પોતાના સપના તેની સાથે જોડાયેલા હોય છે. દરેક વ્યક્તિને પોતાના લગ્નની કલ્પના હોય છે, મહિનાઓ પહેલા આ યાદી તૈયાર કરવામાં આવે છે કે લગ્ન ક્યાં અને કેવી રીતે થશે. આ માટે સ્થળની પસંદગી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક મહિલાએ પોતાના લગ્ન માટે એવી જગ્યા પસંદ કરી કે લોકો ત્યાં જતા પણ ડરી ગયા. લગ્ન માટે લોકો સૌથી સુંદર જગ્યાઓ પસંદ કરે છે, પરંતુ અહીં અલગ જ નજારો જોવા મળ્યો હતો. જ્યારે તેઓ વેડિંગ વેન્યુ પર પહોંચ્યા ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે લગ્ન કોઈ આલીશાન હોટેલમાં નહીં પરંતુ કબ્રસ્તાનમાં હતા. દુલ્હન પોતે આ ગેટઅપમાં પહોંચી હતી જેને જોઈને લોકો ડરી ગયા હતા. રિપોર્ટ અનુસાર કેલિફોર્નિયાના રિડલેમાં રહેતી ૨૭ વર્ષની નોર્મા નીનોએ પોતાના વર ૨૯ વર્ષીય એકસેલ સાથે લગ્ન કરવા માટે આવી જગ્યા પસંદ કરી, જે લોકોની વિચારસરણીની બહાર હતી. તેઓ કબ્રસ્તાનમાં ગયા અને શબપેટીઓથી ઘેરાયેલા સ્થળે પહોંચ્યા અને સાથે જીવવા અને મરવાની પ્રતિજ્ઞા લીધી. નોર્માએ કહ્યું કે તેણે આ સ્મશાનગૃહમાં વર્ષો સુધી કામ કર્યું છે અને આ પહેલું સ્મશાન છે જે ફક્ત મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આવી સ્થિતિમાં તેણે લગ્ન માટે આ જગ્યા પસંદ કરી. શરૂઆતમાં લોકો આ લગ્નથી ડરી ગયા હતા, પરંતુ બાદમાં લોકોએ ૧૯૩૦ના દાયકાના કોસ્ચ્યુમ પહેરીને અહીં લગ્નમાં હાજરી આપી હતી.

પાવનધામ વડાલી કંપા ખાતે બાળકોની સુ સંસ્કાર શિબિર યોજાઈ

(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,

સંત શ્રી નથુરામ બાપા સેવા આશ્રમ વડાલી કંપા મુકામે બે દિવસીય બાળકોની સુ સંસ્કાર શિબિરનુ આયોજન કરાયું હતું. સંત શ્રી ચંદુરામ બાપાના આશીર્વાદથી શીબીરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં આધ્યાત્મિક ભાથું તેમજ આસન, ધ્યાન, પ્રાણાયામ તથા જુદીજુદી પ્રાચીન રમતોને પણ સ્થાન આપવામાં આવેલ. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા માંથી કુલ ૧૫૮ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. ભોજન અને રાત્રી રોકાણની વ્યવસ્થા પાવનધામ મુકામે કરવામાં આવેલ. આ પ્રસંગે જ્યોતિ વિદ્યાલય ખેડબ્રહ્માના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ, પાવનધામ ના પ્રમુખ છગનભાઈ પટેલ, પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ તથા ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા નરેશભાઈ પટેલે આપેલ. કાર્યક્રમનું સંચાલન જીતુભાઈ એ કર્યું હતું.

હું મારું બધું છોડીને ગુજરાતની જનતા માટે આવ્યો છું: ઇસુદાન ગઢવી

અમદાવાદ,

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ અમદાવાદમાં મીડિયાને સંબોધતા કહ્યું કે, હું સમજું છું કે ગુજરાતના ઈતિહાસમાં આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. છેલ્લા કેટલાક દિવસોમાં અમે જે રીતે ગુજરાતના ખૂણે-ખૂણે જઈ રહ્યા છીએ, ટીવી ચેનલવાળા પણ લોકો સાથે વાત કરી રહ્યા છે, તે દર્શાવે છે કે ગુજરાત એક મોટા પરિવર્તન તરફ જઈ રહ્યું છે. એક મોટું પરિવર્તન થવાનું છે. ૨૭ વર્ષ સુધી ગુજરાત પાસે કોઈ વિકલ્પ નહોતો. કોંગ્રેસ અને ભાજપ વચ્ચેનો સંબંધ એટલો ઊંડો છે કે મત કોઈને પણ આપો સરકાર ભાજપની જ બનશે. પરંતુ પહેલીવાર લોકો આમ આદમી પાર્ટીના રૂપમાં એક સાર્થક વિકલ્પ જોઈ રહ્યા છે. ગઈકાલે જ્યારે ચૂંટણીની તારીખો જાહેર થઈ ત્યારે દરેક ચેનલ પર તે બતાવવામાં આવી રહી હતી. એક ચેનલ પર મેં જોયું કે એક રિપોર્ટરને અમદાવાદમાં સામાન્ય લોકોને પૂછવાનું કહેવામાં આવ્યું કે તેઓ શું ઈચ્છે છે? એક વ્યક્તિએ કહ્યું કે અમને પરિવર્તન જોઈએ છે અને તે પછી જે લોકોને પૂછવામાં આવ્યું તે બધાએ કહ્યું કે અમને પરિવર્તન જોઈએ છે. પરંતુ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે પરિવર્તનનો અર્થ શું છે? તો તેમણે કહ્યું કે પરિવર્તનનો અર્થ છે કે અમને કેજરીવાલ જોઈએ છે.

લોકોને આશા છે કે પરિવર્તન આવશે, મોંઘવારી દૂર થશે, યુવાનોને રોજગાર મળશે, સારું શિક્ષણ મળશે, સારી હોસ્પિટલો ખુલશે. આમ આદમી પાર્ટી નવી પાર્ટી છે, નવું એન્જિન છે, નવી આશા લઈને આવી છે. આમ આદમી પાર્ટી આખા દેશની અંદર નવી આશા, નવી રાજનીતિ, નવા ચહેરા લઈને આવી છે. એટલા માટે અમે બંધ રૂમમાં બેસીને નક્કી નથી કરતા કે કોણ મુખ્યમંત્રી બનશે. અમે પંજાબમાં પણ આવું જ કર્યું. ભગવંત માન સાહેબને ઝડ પદના ઉમેદવાર કેજરીવાલજીએ પસંદ કર્યા નથી, પંજાબની જનતાએ તેમને પસંદ કર્યા છે. કોઈ સર્વે નવા પક્ષની આગાહી કરી શકે તેમ નથી. જ્યારે દિલ્હીમાં સર્વે કરવામાં આવી રહ્યો હતો ત્યારે અમને તેમાં એક પણ સીટ મળી ન હતી, પરંતુ જ્યારે ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે અમને ૨૮ સીટ મળી હતી. તેવી જ રીતે ગુજરાતની ચૂંટણીના પરિણામો આવશે ત્યારે તમામ સર્વે નિષ્ફળ જશે. આમ આદમી પાર્ટીની સરકાર બનશે તે નિશ્ચિત છે. તેથી જ આજે અમે આમ આદમી પાર્ટીના ઝડ્સ્નો ચહેરો નથી જાહેર કરી રહ્યા, આજે અમે ગુજરાતના આગામી મુખ્યમંત્રીનું નામ જાહેર કરી રહ્યા છીએ.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે
મે મારૂ નામ **ચાવડા જીગ્નેશકુમાર કનુભાઈ** હતું જે બદલીને **ચાવડા જયરાજસિંહ કનુભાઈ** કરેલ છે.
સરનામું : સી-૬૦૩, સફલ પરિસર-૧ સીબી સેન્ટરની પાસે, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
C073

HINDUSTAN OXYGEN GAS COMPANY LIMITED
Reg. Office: Plot No.433/437, GIDC Opp. Railway Station, N.H.8, Naroda Ahmedabad (Guj.) – 382330 IN | **E-mail:** hindustanoxygengas@gmail.com
Phone No.: 079 22811257 | **CIN:** U24110GJ1961PLC001060

NOTICE REGARDING 61ST ANNUAL GENERAL MEETING

NOTICE is hereby given that the Sixty First Annual General Meeting (AGM) of the Company will be held on Monday, 28th November, 2022 at 01:00 p.m. (IST) through video conferencing ("VC)/ other audio visual means ("OAVM") to transact the business, as set out in the Notice of the AGM which is being circulated for convening the AGM.

In View of the continuing Covid-19 pandemic, the Ministry of Corporate Affairs (MCA) has vide its circular no. 20/2020 dated May 5, 2020 read with circular nos. 14/2020, 17/2020, 02/2021, 19/2021 and 02/2022 dated April 8, 2020, April 13, 2020, January 13, 2021, December 8, 2021 and May 5, 2022 respectively (collectively referred to as "MCA Circulars") and in Compliance with relevant provisions of the Companies Act, 2013 and SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, the AGM of the members of the Company will be held through VC/OAVM.

In accordance with the MCA Circulars, The Notice of the 61st AGM and the Annual Report for the financial year 2021-22 will be sent only by email to all those Members, whose email Addresses are registered with the Company. Members can join and participate in the 61st AGM through VC/OAVM facility only. The instruction for joining the 61st AGM and the manner of participation in the remote electronic voting or casting vote through the e - Voting system during the 61st AGM is provided in the Notice of the 61st AGM. Members participating through the VC/OAVM facility shall be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Companies Act. 2013.

In case you have not registered your e-mail address with the Company, please register / update the same by writing to the Company with details of folio number and attaching a self-attested copy of PAN card at hindustanoxygengas@gmail.com and/or sharad.thacker@gmail.com.

For, HINDUSTAN OXYGEN GAS COMPANY LIMITED
[Sharad Ramesh Thacker]
Date: 05.11.2022 DIN: 01614310
Place: Ahmedabad Chairman

MUTHOOT FINCORP LTD. | સોનાનાં દાગીના હરાજી નોટીસ

Regd. Office: Muthoot Centre, TC No 27/3022, Punnen Road, Thiruvananthapuram, Kerala, India - 695001.
CIN : U65929KL1997PLC011518, Ph: +91 471 4911400, 2331427

31.12.2021 & MSGL, SPL-16, One plus, Guide Prepaid, Super value, ADGL and all other 6 months tenure Gold loans up to 31.03.2022 and MSGB, SME Suvarna & EMI due up to 10.10.2022 સુધીના સમયગાળા માટે કંપનીની નીચે દર્શાવેલ શાખાઓ સાથે જેમણે સોનાના દાગીના ગીરવે મૂકેલ હોય તે તમામની જાણ માટે નોટિસ આપવામાં આવે છે કે ગીરોમુક્તિ માટે આ સમયગાળો પૂર્ણ થઇ ગયો છે અને વારંવાર નોટિસો આપવા છતાં હજુ તેને ગીરોમુક્ત કરાવવામાં આવ્યાં નથી, તારીખ 15.11.2022 ના રોજ સવારે 10 વાગ્યાથી આ દાગીનાઓની હરાજી કરવામાં આવશે

AMIN MARG-GUJARAT: F3936, F4140, F4219, F4238, F4285, F5007, F5282, F5333, F5347, F5356, F5360, F5366, F5420, F5472, F5477, F5480, F5484, F5488, F5490, F5491. **BHAKTI NAGAR:** F28635, F28651, F28693, F29555, F31512, F31694, F31748, F31782, F31803, F31808, F31816, F31857, F31891, F31901, F31912, F31915, F31916, F31919, F31938, F31948, F31949, F31976, F31978, F31980, F31983, F31995, F32017, F32021, F32047, F32051, F32078, F32094, F32119, F32137, F32139, F32162, F32176, F32192, F32222, F32234, F32243, F32251, F32260, F32267, F32268, F32271, F32288, F32291, F32320, F32365, F32427, F32476, F32641, F32738, F32795, F32837, F32878. **DHORAJI:** F7608, F7727, F7730, F7749, F7756, F7758, F7765, F7773, F7777, F7778, F7801, F7851, F7862, F7873, F7877, F7894, F7895,